

# શ્રગ બનાવતા શીખો

**આ વિડિયોમાં તમે એક સરસ મજાનું ડિઝાઈનર શ્રગ બનાવતા શીખશો.**











આ બનાવવા માટે તમને જોઇશે, 67 x 87 સેન્ટિમીટરનો કપડાનો એક ટુકડો. તમે કોઇપણ કાપડ લઇ શકો છો, લેશ વાળું કે ફર વાળું અથવા સિક્વન્સ વાળુ અને હંમેશા પ્રમાણે બીડેડ પિન્સ પણ જોઇશે. અને હા એક કપડાંનું જ ડેકોરેટિવ ફૂલ પણ જોઇશે.

હવે ફેબ્રિકની ઉંધી બાજુ ઉપર આવે તેમ રાખો.
કાપડની ટૂંકી સાઇડની કિનારને બે ફોલ્ડ કરી, પોણા ઇંચની પટ્ટી વાળો.

જેમ-જેમ તમે વાળતા જાઓ, તેમ-તેમ બીડેડ પિન્સ ખોસતાં જાઓ, જેથી વાળેલી પટ્ટી હલે નહીં.
કાપડના બીજા છેડા સુધી આ જ પ્રમાણે કરતા જાઓ.
આ જ રીતે કાપડની સામેની કિનાર પણ વાળતા જાઓ.
જેમ-જેમ વાળતા જાઓ, તેમ-તેમ વાળેલી પટ્ટી પર પિન્સ લગાવતા જાઓ.

આ રીતે તૈયાર કરેલું કાપડ મશીન પર લાવો અને વાળેલી પટ્ટી અંદરની સાઇડ બરાબર ધાર લઇને સોય નીચે મુકો.
કાપડને બરાબર મૂકી પ્રેશર ફુટ નીચે રાખો.

જેમ-જેમ સીવતા જાઓ, તેમ પિન્સ કાઢવાનું ભૂલશો નહીં.
આ જ રીતે સામેની કિનાર પણ સીવી લો.
ટાંકા બરાબર સીધી લાઇનમાં આવે તેનું ધ્યાન રાખો.
હવે કાપડને ટેબલ પર તેની ઉંધી બાજુ ઉપર આવે તેમ સપાટ પાથરો.

બંને સીવેલા છેડાના કાપડના મધ્યબિંદુએ આવે તેમ વાળો.
આ છેડા જોડાઇને બરાબર 90 ડિગ્રીનો ખૂણો થાય તેમ વાળવાના છે.
આ જ રીતે સામેની કિનાર પણ વાળો.



બહારના કોર્નર પરથી કેન્દ્ર તરફ 17 સેન્ટિમીટર છોડીને માર્કિંગ કરો.
કાપડની ચત્તી બાજુ એકસાથે ઉપાડો, અને તેને પલટાવો.
પિન્સ ખોસી આ વાળેલી ઘડી હલે નહીં તેમ પકડો.

આ જ સામેની બાજુએ પણ રિપીટ કરો.

હવે કાપડને મશીન પર લાવો.
અને 17 સેન્ટીમીટરના માર્કથી લઇને બહારની તરફ સીવવા માંડો.
જેમ-જેમ સીવતા જાઓ, તેમ-તેમ પિન્સ કાઢવાનું યાદ રાખો.
સ્ટીચીસ લોક કરવાનું ધ્યાન રાખો.

આ જ પ્રમાણે સામેની બાજુએ પણ સીવો.
હવે સીવેલું કાપડ ટેબલ પર પાથરો.
તમે જોઇ શકશો કે તમે બે છેડાથી 10 સેન્ટિમીટર જેટલું સીવેલું છે.



સિવાયા વગરની કિનાર પર ફિનિશિંગ આપવા સાંધા આગળનો ફોલ્ડ જરા ખોલો, સપાટ કરી પોણા ઇંચનું અલાવન્સ રાખી તે કિનારને ડબલ ફોલ્ડ કરી પટ્ટી વાળો.
આ ફોલ્ડસ ખુલી ના જાય તે માટે બીડેડ પિન્સ વાપરો.

આ રીતે આખા કાપડ ફરતે કરતા જાઓ અને તમે શરુ કર્યું હોય તે જ જગ્યાએ પહોંચશો.
હવે કાપડને મશીન પર પ્રેશર ફુટની નીચે કિનારની લાઇનમાં ગોઠવો.
પ્રેશર ફુટ નીચું કરી સીવવાનું શરુ કરો.

પૂરું થાય ત્યારે સ્ટીચીસ લોક કરો.
કાપડ મશીનમાંથી બહાર કાઢો અને અંદરની બાજુ બહારની તરફ કરો.
તમારુ શ્રગ તૈયાર છે.



તમારે તેને જરા વધારે શણગારવું હોય તો એક માસ્ટ મજાનું બ્રોચ પણ લગાવી દો.

જુદા-જુદા કલર્સ અને મટીરીયલ્સ અજમાવી જુઓ, તમારી સર્જકતાને આવવા દો, ખુલવા દો, તમારા બેસ્ટિઝને આ અમૂલ્ય ગિફ્ટ્સ આપી ખુશ કરો!